| | |
|---|---|
| | **આણંદ કૃષિ યુનિવર્સિટી**<br>**વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમની**<br>**પ્રવેશ અંગેની જાહેરાત** |

| | |
|---|---|
| ૧. અભ્યાસક્રમનું નામ તથા સમયગાળો | **"વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ"**નો તા.૦૯-૦૧-૨૦૨૩ થી શરૂ થનાર ૧૦ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ |
| ૨. નિયત અરજીપત્રક મંગાવવાનું, ભરીને મોકલવાનું સરનામુ તથા તાલીમવર્ગનું સ્થળ તથા વધુ માહિતી માટેની વેબસાઇટ | મુખ્ય વૈજ્ઞાનિક અને વડાશ્રી,<br>મરઘાં સંશોધન કેન્દ્ર, પશુપાલન અને ડેરી વિજ્ઞાન યુનિટ,<br>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.<br>www.aau.in |
| ૩. લઘુતમ શૈક્ષણિક લાયકાત | ધોરણ- ૦૮ (આઠ) પરીક્ષા પાસ |
| ૪. ઉંમર | તા.૨૭-૧૨-૨૦૨૨ ના રોજ ૧૫ થી ૪૦ વર્ષ |
| ૫. પ્રવેશ ક્ષમતા | ૨૫ (પચ્ચીસ) બેઠકો + EWS |
| ૬. અનામત બેઠકોની વિગત | ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર |
| ૭. અરજીપત્રક (સૂચિપત્ર) મેળવવાની વિગત | રૂબરૂમાં મરઘાં સંશોધન કેન્દ્ર ખાતેથી રૂ. ૧૦૦/- રોકડા ભરવાથી **અથવા** ઉપરોકત સરનામે **રૂા.૧૧૦/-** નો મનીઓર્ડર મોકલવાથી **અથવા** વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે અને તેની સાથે રૂ. ૧૦૦/- નો "આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અવશ્ય જોડવાનો રહેશે. |
| ૮. શિષ્યવૃત્તિની વિગત | યુનિવર્સિટીના નિતિ નિયમોનુસાર શિષ્યવૃત્તિ આપવામાં આવશે. |
| ૯. ભરેલ અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ | **તારીખ ૨૭-૧૨-૨૦૨૨** સાંજના ૦૫.૦૦ વાગ્યા સુધીમાં.<br><br>**વિસ્તરણ શિક્ષણ નિયામક** |

**મરઘાં પાલન તાલીમ માટેની જાહેરાત "નયા પડકાર" સમાચારપત્રની સ્થાનિક આવૃત્તિમાં તા.૧૧/૧૨/૨૦૨૨ ના પાન નંબર-૦૫ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.**

## "વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ" વર્ગમાં અરજી કરવા માંગતા ઉમેદવારો માટે સૂચનાઓ

(૧) અરજી કરવા માટે સૂચિપત્ર સાથેનું નિયત અરજીપત્રક રૂબરૂમાં રૂા.૧૦૦/- રોકડેથી અથવા પોસ્ટ દ્વારા મંગાવનાર ઉમેદવારે રૂા.૧૧૦/- નો મનીઓર્ડર **મુખ્ય વૈજ્ઞાનિક અને વડાશ્રી, મરઘાં સંશોધન કેન્દ્ર, વીડીયુ, આકૃયુ, આણંદ**ના સરનામે મોકલવાથી **અથવા** વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે અને તેની સાથે રૂ. ૧૦૦/- નો **"આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અવશ્ય જોડવાનો રહેશે.

(૨) અરજીપત્રક સાથે ઉમેદવારે નીચે મુજબના બિડાણો પૈકી લાગુ પડતા દસ્તાવેજો સામેલ કરવાના રહેશે.

(ક) ધોરણ- ૦૮ (આઠ) પાસ થી ધોરણ-૧૦ સુધીમાં છેલ્લી પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ. તેમજ ધોરણ-૧૦ પાસ/નાપાસ થયેલ હોય તો પરીક્ષા માટે કરેલ તમામ પ્રયત્નોની પ્રમાણિત નકલો.

(ખ) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર / જન્મના માન્ય દાખલાની પ્રમાણિત નકલ

(ગ) અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી / સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે જો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય તો તે બાબતનું નિયત સમયમર્યાદાવાળુ "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી (નોનક્રીમીલેયર)" તેવું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. જે સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતા સુધારાને આધિન રહેશે.

(ઘ) નોકરી કરતા કે અન્ય સંસ્થામાં શૈક્ષણિક તાલીમ લેતા ઉમેદવારના કિસ્સામાં જે તે સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર (નો ઓબજેકશન સર્ટિફિકેટ)".

(ચ) ઉમેદવારનો તાજેતરનો પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટો

(૩) પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ શૈક્ષણિક લાયકાત (ધોરણ-૦૮ (આઠ) પાસ થી ધો.૧૦ (દસ) પાસ/નાપાસ) ની પરીક્ષા ગુજરાત રાજયમાં આવેલ શાળા અથવા બોર્ડમાંથી ગુજરાતી વિષય સાથે પાસ કરેલી હોવી જોઇએ.

(૪) તાલીમ કેન્દ્રને અધુરી વિગતવાળા અથવા નિયત તારીખ બાદ મળનાર અરજીપત્રક રદ બાતલ ગણાશે, જેની ઉમેદવાર ને જાણ કરવામાં આવશે નહી.

(૫) અરજીપત્રક ભરીને પરત આપવાની છેલ્લી **તા. ૨૭-૧૨-૨૦૨૨** છે.

મુખ્ય વૈજ્ઞાનિક અને વડા
મરઘાં સંશોધન કેન્દ્ર
વીડીયુ, આકૃયુ,
આણંદ

# મરઘાંપાલન તાલીમ કેન્દ્ર

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦

* અરજીપત્રક યુનિવર્સિટી વેબસાઈટ **www.aau.in** પરથી ડાઉનલોડ કરી ભરી શકાય છે. આવા અરજીપત્રક સાથે રૂા. ૧૦૦/– નો **"આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ"** ના નામનો આણંદ ખાતે વટાવી શકાય તેવો ડીમાન્ડ ડ્રાફ્ટ પણ અવશ્ય જોડવાનો રહે છે.

## વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ

## Advanced Training in Commercial Poultry Production

# સૂચિપત્ર

કિંમત : ૧૦૦ (સો) રૂપિયા + પોસ્ટેજ ચાર્જ




Web site : www.aau.in

## મરઘાંપાલન શા માટે ?

- મરઘાંપાલન ખેતી, પશુપાલન મત્સય ઉછેર, બાગાયત વગેરે વ્યવસાયની સાથે કે સ્વંતત્ર વ્યવસાય તરીકે પણ કરી શકાય છે.
- રોજગારી તથા સ્વરોજગારીની ઉત્તમતકો પૂરી પાડે છે.
- પશુપાલન તેમજ ખેતીની સરખામણીમા જમીન અને મૂડીની જરૂરીયાત ઓછી રહે છે.
- સ્ત્રી-પુરુષ, શિક્ષિત-અભણ, યુવાન-વૃધ્ધ બેકાર કે આંશિક અપંગ એમ દરેક પ્રકારની વ્યક્તિઓ સરળતાથી અપનાવી શકે છે.
- અછત, દુષ્કાળ જેવા સમયે પણ આ વ્યવસાય ટકી રહે છે.
- ઓછી માનવ શક્તિ, ઓછો સમય અને ઓછી મહેનત દ્વારા પણ વધુ આવક મેળવી શકાય છે.
- ગ્રામ્ય કક્ષાએ નાના પાયે ઘરેલુ મરઘાંપાલન દ્વારા ૨૫-૫૦ મરઘાં સાથે ઓછા મૂડી રોકાણ દ્વારા નિયમિત સારી આવક મેળવી શકાય છે.
- ઘનિષ્ટ મરઘાં ઉછેર પધ્ધતિથી મોટા પાયે વ્યવસાયિક ધોરણે પણ મરઘાં પાલન કરી શકાય છે.
- અન્ય પશુધનની સરખામણીએ વનસ્પતિજન્ય પ્રોટીનનું પ્રાણીજ પ્રોટીનમાં વધુ સારી રીતે રૂપાંતરણ કરે છે.
- ઈંડા અને મરઘાં માંસ સારો પોષણક્ષમ આહાર પૂરો પાડે છે. તેમજ ઈંડાં ભેળસેળ રહિત હોય છે.
- ઈંડા આપતા પક્ષીઓમા ચાર થી પાંચ મહિનાની ઉમરે આવક શરૂ થઈ જાય છે. જ્યારે માંસ માટેના પક્ષીઓમાં ૪૨ દિવસમાં આવક મળે છે. આમ અન્ય પશુધનની સરખામણીમાં આવક વહેલી શરૂ થાય છે.
- મરઘાં પાલનની આડપેદાશ રૂપે મળતું ખાતર અન્ય ખાતરની સરખામણીમાં ચઢિયાતુ ખાતર છે.

## મરઘાંપાલન વ્યવસાય માટે જરૂરી મુદ્દા :

- મરઘાં ઉછેરનું પુરુતું જ્ઞાન
- નાણાકિય વ્યવસ્થા
- મરઘાંપાલન વ્યવસાયને અનુકુળ વિસ્તાર અને જગ્યાની ઉપલબ્ધતા
- પાણી તથા વીજળીનો અવિરત પુરવઠો
- મરઘાં પાલન માટે અનુકુળ વાતાવરણ
- સારી ગુણવત્તાવાળા એક દિવસના બચ્ચાંની ઉપલબ્ધતા
- સમતોલ મરઘાં આહાર અને મરઘાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા
- મરઘાં પેદાશોના વેચાણની નજીકમાં બજાર વ્યવસ્થા
- મરઘાં ઘરના સાધનોની ઉપલબ્ધતા

**પ્રસ્તાવના :**

મરઘાંપાલન તાલીમ કેન્દ્ર એ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટીનું એક અંગ છે. મરઘાં પાલકો તેમનો વ્યવસાય સફળતાપૂર્વક કરી વધુ સારુ જીવન જીવી શકે તે હકીકતને ધ્યાને લઈ ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા ગુજરાતી ભાષામાં સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમપૂરી પાડવાના હેતુથી સને ૧૯૬૩–૬૪ થી મરઘાં ઉછેર તાલીમકેન્દ્ર હેઠળ મરઘાં ઉછેર તાલીમશરૂ કરવામાં આવેલ. છેલ્લાં ચાલીસ વર્ષમાં મરઘાંપાલન વ્યવસાયનો વિકાસ ખૂબ ઝડપી બન્યો છે. ખેતીના પૂરક વ્યવસાય સ્વરૂપે જ ન રહેતાં તે એક સ્વતંત્ર વ્યવસાય બનવાની સાથોસાથ એક ઉદ્યોગ તરીકે પણ વિકસી રહયો છે. મરઘાંપાલન વ્યવસાય આર્થિક રીતે કાર્યક્ષમરહે તે હેતુથી વ્યવસાય શરૂ કરતાં પહેલાં મરઘાં પાલકે તે માટેનું જરૂરી જ્ઞાન, સર્વાંગી તાલીમ તથા કૌશલ્ય પ્રાપ્ત કરવુ ખુબ જરૂરી છે. મરઘાંપાલન તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓને મરઘાંની માવજત, પોષણ, સંવર્ધન, સ્વાસ્થ્ય, અર્થકારણ વગેરે એકમોનુ તાંત્રિક જ્ઞાન પૂરું પાડી તેમનું કૌશલ્ય વધારી મરઘાંપાલનનો વ્યવસાય તેઓ આત્મવિશ્વાસપૂર્વક કરી શકે તે હેતુથી તાલીમ પૂરી પાડવામાં આવે છે.

**તાલીમ કાર્યક્રમોની વિગત :**

| વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિગત | પ્રથમ તાલીમ વર્ગ | દ્વિતીય તાલીમ વર્ગ | તૃતીય તાલીમ વર્ગ |
| ૧. | અરજી કરવાનો સમયગાળો | ૧ થી ૨૦ જુન | ૧ થી ૨૦ સપ્ટેમ્બર | ૧ થી ૨૦ ડીસેમ્બર |
| ૨. | તાલીમની શરૂઆત | જુલાઈના પ્રથમ સોમવારથી | ઓકટોબરના પ્રથમ સોમવારથી | જાન્યુઆરી ના પ્રથમ સોમવારથી |
| ૩. | પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત | ધોરણ-૮ (આઠ) પાસ | ધોરણ-૮ (આઠ) પાસ | ધોરણ-૮ (આઠ) પાસ |
| ૪. | ઉમર (વર્ષ) | ૧૫ થી ૪૦ | ૧૫ થી ૪૦ | ૧૫ થી ૪૦ |
| ૫. | તાલીમનો સમયગાળો | ૧૦ અઠવાડિયા | ૧૦ અઠવાડિયા | ૧૦ અઠવાડિયા |
| ૬. | પ્રવેશ ક્ષમતા | ૨૫ તાલીમાર્થી +EWS | ૨૫ તાલીમાર્થી +EWS | ૨૫ તાલીમાર્થી +EWS |
| ૭. | માસિક શિષ્યવૃતિ/ સ્ટાઈપેન્ડ | રૂા. ૨૦૦૦/- | રૂા. ૨૦૦૦/- | રૂા. ૨૦૦૦/- |

**પ્રવેશ પસંદગી :**

૧. પ્રવેશ માટે આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી પ્રવેશપાત્ર ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તેમજ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈ અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લિસ્ટ) તૈયાર કરવામાં આવશે.
   (અ) પ્રવેશ માટેની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ગુજરાત રાજ્યમાં આવેલ શાળા અથવા બોર્ડમાંથી ગુજરાતી વિષય સાથે ધોરણ–૮ (આઠ) પાસ રહેશે.
   (બ) અભ્યાસક્રમનું માધ્યમ ગુજરાતી રહેશે.

(ક) સૂચિપત્ર સાથેનું અરજી પત્રક રુબરુમાં રૂા.૧૦૦/– રોકડેથી અથવા મનીઓર્ડરથી (રૂા.૧૦૦/– + પોસ્ટેજ ચાર્જ) મોકલવાથી મળી શકશે. સૂચિપત્રની કિંમત યુનિવર્સિટી વખતો વખત નકકી કરે તે મુજબ રહેશે.

(ડ) ધોરણ–૮ થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા પાસ/નાપાસ, ધોરણ–૯ પાસ/નાપાસ અને ધોરણ–૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે. જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં લેવાની રહેશે નહી.

(ઈ) એકસરખા ગુણ/ટકા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વધુ ઉંમર વાળા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.

૨. પ્રવેશ માટે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનુક્રમે ૭ ટકા, ૧૫ ટકા તથા ૨૭ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે. જો અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહી મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી પ્રમાણે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

૩. તાલીમ કેન્દ્રને અધુરી વિગતવાળા અથવા નિયત સમય બાદ મળનાર અરજી પત્રક રદ બાતલ ગણાશે, જેની ઉમેદવારને જાણ કરવામાં આવશે નહી.

૪. અરજી પત્રક સાથે ઉમેદવારે નીચે મુજબના બીડાણો પૈકી લાગુ પડતા દસ્તાવેજો સામેલ રાખવાના રહેશે.

(અ) ધોરણ–૮ (આઠ) થી એસ.એસ.સી. સુધીમાં છેલ્લી પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ તેમજ એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ હોય તો પરીક્ષા માટે કરેલ તમામ પ્રયત્નોની પ્રમાણિત નકલ.

(બ) શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મના દાખલાની પ્રમાણિત નકલ.

(ક) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/ સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના (નોન ક્રીમીલેયર) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે.

(ડ) નોકરી કરતા કે અન્ય સંસ્થામાં શૈક્ષણિક તાલીમ લેતા ઉમેદવારોએ જે તે સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર" (નો ઓબજેકશન સર્ટીફિકેટ).

૫. કેન્દ્ર ખાતે આવેલ અરજીઓની ચકાસણી કરી, પ્રવેશ પાત્ર થતી અરજીઓમાંથી ગુણવત્તાના ધોરણે નિયત કરેલ સંખ્યાની યાદી તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાતે બોલાવવાના રહેશે. રૂબરૂ મુલાકાત વખતે હાજર રહેનાર ઉમેદવારોમાંથી પસંદગી સમિતિ ક્રમાનુસાર ઉમેદવારોને કેન્દ્રની દાખલ શકિતની મર્યાદામાં રહી તથા પછાત વર્ગના ઉમેદવારોની અનામત બેઠકો પર ક્રમાનુસાર પ્રવેશ આપવા પસંદગી કરશે. ગુણવત્તાના ધોરણે પ્રવેશ મેળવવા પાત્ર થતા ઉમેદવારો મરઘાં ફાર્મનું કાર્ય સરળતાથી કરી શકે તે જરૂરી છે, જે અંગેની બાબત પણ પસંદગી સમિતિ નકકી કરશે.

૬. પસંદગી પામેલ ઉમેદવારો તાલીમશરૂ થયાના પ્રથમ ત્રણ દિવસ સતત ગેરહાજર રહેશે તો તેઓનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેની જગ્યા પર પ્રતિક્ષા યાદીના ઉમેદવારને ક્રમાનુસાર પ્રવેશ આપી દેવામાં આવશે.

૭. રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. રૂબરૂ મુલાકાત વખતે અરજી પત્રકમાં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને ગુણપત્રકો રજુ કરવાના રહેશે.

૮. ઉપરોક્ત બિડાણો ઉપરાંત રૂબરૂ મુલાકાતના પત્ર (ઈન્ટરવ્યુ કોલ લેટર)માં જણાવેલ અન્ય બાબતોને પણ ધ્યાને લેવાની રહેશે.

**હાજરી અને પરીક્ષા :**

૧. તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી જરૂરી રહેશે.

૨. માંદગી સબબ તાલીમાર્થી ૮૦ ટકા હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી માંદગી સબબનું તજજ્ઞ તબીબ (રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર) નું પ્રમાણપત્ર તાલીમ કેન્દ્રને રજુ કરે તો ૫ ટકા સુધીની ખૂટતી હાજરીમાં છૂટછાટ તાલીમ કેન્દ્રના વડાશ્રી આપી શકશે. જ્યારે આ સબબની ૫ ટકા થી વધુ પરંતુ કુલ ૧૦ ટકા ગેરહાજરી હોય તેવા કિસ્સામાં તાલીમ કેન્દ્રના વડાશ્રીએ માંદગીની વાસ્તવિકતા ચકાસીને તે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની સ્પષ્ટ ભલામણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને કરવાની રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આવા કિસ્સાઓમાં તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની મંજૂરી આપવાની સંપૂર્ણ સત્તા રહેશે.

૩. દરેક તાલીમ વર્ગમા આંતરિક અને અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટી તાલીમકાળના મધ્યાંતરે અને અંતિમ કસોટી તાલીમ કાળના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.

૪. તાલીમાર્થીએ અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા દરેક વિષયના સૈધાંતિક અને પ્રાયોગિક મળીને કુલ ગુણના ઓછામાં ઓછા ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે. તાલીમ વર્ગમાં ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓને શ્રેણી આપવામાં આવશે નહીં.

૫. તાલીમ વર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા ફરી લેવામાં આવશે નહી.

**અભ્યાસક્રમ:**

અભ્યાસક્રમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | પક્ષીઓની માવજત અને મરઘાં પોષણ વિજ્ઞાન<br>(Poultry Management and Poultry Nutrition) |
| ૨ | મરઘાં સંવર્ધન વિજ્ઞાન અને સેવન વ્યવસ્થા<br>(Poultry Breeding and Hatchery Management) |
| ૩ | પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અર્થકારણ<br>(Technology and Economics) |
| ૪ | મરઘાં સ્વાસ્થ્ય અને શરીર ક્રિયા- રચના વિજ્ઞાન<br>(Poultry Health and Physio-Anatomy) |

**ફી/અમાનત(ડીપોઝીટ) વિગત :**

પસંદગી પામેલા તાલીમાર્થીઓને નીચે પ્રમાણે ફી અને અમાનતની રકમ કાર્યાલયમાં તુરંત ભરવાની રહેશે.

| ક્રમ | ફી/અમાનતની વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | છાત્રાલય અમાનત (પરત મળવા પાત્ર) | ૧૦૦/- |
| ૨ | કોશન મની (પરત મળવા પાત્ર) | ૫૦/- |
| ૩ | ઓળખપત્ર ફી | ૨૦/- |
| ૪ | ગુણપત્રક ફી | ૫૦/- |
| ૫ | પ્રમાણપત્ર ફી | ૫૦/- |
| ૬ | ઈલેક્ટ્રીસીટી ફી | ૧૦૦/- |
| ૭ | ટ્યુશન ફી | ૫૦૦/- |
| ૮ | પરીક્ષા ફી | ૧૩૦/- |
| | કુલ રૂપિયા | ૧,૦૦૦/- |

ઉપરોક્ત રકમમાંથી છાત્રાલય અમાનત અને કોશન મની તાલીમ વર્ગ પૂર્ણ કર્યા બાદ પરત મેળવવા માટે ઉમેદવારે તુરંત અરજી કરવાની રહેશે. કોઈપણ કારણોસર અધૂરો અભ્યાસ છોડનાર અથવા હાજરી પૂરી ન કરનાર તાલીમાર્થીને અમાનત રકમ પરત કરવામાં આવશે નહી. **પરણિત બહેનોએ લગ્ન નોંધણી પ્રમાણપત્ર જોડવું.**

**છાત્રાલય સવલતો:**

તાલીમાર્થીઓને છાત્રાલયમાં રહેવાની સગવડ ઉપલબ્ધ છે. તે માટે તાલીમાર્થીએ અરજી કરવાની રહેશે. છાત્રાલયમાં રહેતા તાલીમાર્થીઓએ છાત્રાલયના પ્રવર્તમાન તથા વખતો વખત નકકી કરવામાં આવતાં નિયમોનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**તબીબી સવલતો :**

તાલીમ દરમિયાન જરૂર પડયે પ્રાથમિક સારવાર, કેમ્પસમાં આવેલ પ્રાથમિક સારવાર કેન્દ્રમાં મળી શકશે.

**શિસ્ત અંગેના નિયમો :**

દરેક તાલીમાર્થીએ અભ્યાસ દરમિયાન કેમ્પસમાં સંપૂર્ણપણે શિસ્તનું પાલન કરવાનું રહેશે તથા વખતો વખત નકકી કરવામાં આવતા નિયમોનું પણ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર તાલીમાર્થીની સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે અને જરૂરી લાગશે તો તેમને તાલીમવર્ગમાંથી છૂટા કરવામાં આવશે.

**શિષ્યવૃતિ :**

મરઘાંપાલન તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને જ યુનિવર્સિટીએ નિયત કરેલ દરથી તાલીમપૂર્ણ થયેથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. તાલીમ અધુરી છોડી જનાર અથવા અપૂરતી હાજરીના કારણે તાલીમવર્ગ પૂર્ણ ન કરનાર તાલીમાર્થીને શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે નહી. યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી શિષ્યવૃત્તિની માસિક રકમ યુનિવર્સિટી વખતોવખત નકકી કરે તે મુજબ રહેશે.

*****

| | | |
|---|---|---|
| ડી.ડી. નંબર | : | ...................... |
| ડી.ડી. ની રકમ | : | ...................... |
| તારીખ | : | ...................... |

અરજીપત્રક ભરતાં પહેલા માહિતી પુસ્તિકાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો. અરજીપત્રક સ્વહસ્તાક્ષરે કાળજીપૂર્વક ભરવું.

# અરજી પત્રક

## મરઘાંપાલન તાલીમ કેન્દ્ર

પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮ ૧૧૦
Web site : www.aau.in

તાજેતરનો
પાસપોર્ટ
સાઈઝ
ફોટો

### વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ
### (Advanced Training in Commercial Poultry Production)

૧. ઉમેદવારનું પુરુ નામ (અટકથી શરૂ કરીને) : ______________________

૨. હાલનું સરનામું : ______________________

______________________

૩. કાયમી સરનામું : ______________________

______________________

૪. ફોન નંબર : ______________________

૫. જન્મ તારીખ (આંકડા તથા શબ્દોમાં) : ______________________

૬. અનામત કક્ષા (અનુસુચિત જાતિ/જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ વગેરે હોય તો તેની વિગત) : ______________________

(પરણિત બહેનોએ લગ્ન નોંધણી પ્રમાણપત્ર જોડવું.)

૭. પરણિત કે અપરણિત : ______________________

૮. જાતિ (પુરૂષ / સ્ત્રી) : ______________________

૯. શૈક્ષણિક લાયકાત : ______________________

| ક્રમ | પાસ કરેલ પરીક્ષાનું નામ | બોર્ડ | શાળાનું નામ અને ગામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | પરીક્ષામાં મેળવેલ ગુણની વિગત | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા |
| | | | | | | | |

૧૦. હાલમાં મરઘાંપાલન વ્યવસાય કરો છો?

જો 'હા' તો કેટલા સમયથી? ____________________

૧૧. જો હાલમાં કોઈપણ જગ્યાએ અભ્યાસ કે

નોકરી કરો છો? તે જણાવવું (હા/ના) : ____________________

૧૨. જો હાલમાં અન્ય કોઈપણ જગ્યાએ નોકરી/અભ્યાસ કરતા હોય તો જે તે અધિકારીશ્રી/સંસ્થાના વડાશ્રીનું પ્રમાણપત્ર નીચે પ્રમાણે અવશ્ય આપવાનું રહેશે.

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ____________________ અત્રેની કચેરીમાં તા. __________ થી __________ સુધી __________ તરીકે ફરજ બજાવે છે/અભ્યાસ કરે છે અને તેઓ આપની યુનિવર્સિટી હસ્તક ચાલતી મરઘાંપાલન તાલીમ લે તે માટે અત્રેની કચેરી/સંસ્થાને કોઈપણ જાતનો વાંધો નથી તે તપાસી આ પ્રમાણપત્ર આપેલ છે.

તારીખ: ______________

સ્થળ : ______________

કચેરી/સંસ્થાના વડાની સહી
સિક્કો

## ઉમેદવારે આપવાની બાંહેધરી :

જો મને મરઘાંપાલન તાલીમમાં પ્રવેશ આપવામાં આવશે તો હું કબૂલાત આપું છું કે જે નિયમો, કાયદા—કાનૂન કેન્દ્રના સંચાલન માટે હાલ અમલમાં હોય અથવા ભવિષ્યમાં અમલમાં આવે તે બધા નિયમોનું હું કેન્દ્રનો વિદ્યાર્થી હોઉં ત્યાં સુધી ચુસ્તપણે પાલન કરવા બંધાઉં છું. કેન્દ્રના નિયમિત સંચાલનને બાધા આવે તેવું કોઈપણ કાર્ય હું કેન્દ્રની અંદર કે બહાર કરીશ નહી.

તારીખ : ______________ ઉમેદવારની સહી : ____________________

સ્થળ : ______________ ઉમેદવારનું નામ: ____________________

## ઉમેદવારના પિતા/વાલીએ આપવાની બાંહેધરી :

આથી હું બાંહેધરી આપું છું કે જો મારા ચિરંજીવી/પાલ્યને મરઘાંપાલન તાલીમમાં પ્રવેશ આપવામાં આવશે તો કેન્દ્રમાં અને કેન્દ્રની બહાર મારા ચિરંજીવી/પાલ્યની તમામ વર્તણૂંક માટે હું જવાબદાર છું તેમજ તેની વર્તણૂંક બરાબર ન હોય અથવા કેન્દ્રમાં હાજરી ઘટશે તો સંસ્થા જે પગલાં લેશે તે મને મંજૂર છે.

તારીખ: ______________ પિતા/વાલીની સહી : ____________________

સ્થળ : ______________ પિતા/વાલીનું નામ: ____________________

**ખાસ નોંધ : અરજી પત્રક સાથે ઉમેદવારે સૂચિપત્ર પાના નંબર-૨ મુદ્દા નંબર-૪ માં જણાવેલ બીડાણો પૈકી લાગુ પડતા તમામ દસ્તાવેજો અવશ્ય સામેલ કરવાના રહેશે.**

*** અરજીપત્રક યુનિવર્સિટી વેબસાઈટ www.aau.in પરથી ડાઉનલોડ કરી ભરી શકાય છે. આવા અરજીપત્રક સાથે રૂા. ૧૦૦/– નો "આણંદ કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ" ના નામનો આણંદ ખાતે વટાવી શકાય તેવો ડીમાન્ડ ડ્રાફટ પણ અવશ્ય જોડવાનો રહે છે.**

# ધંધાદારી મરઘાંપાલન માટેની જાતો

આણંદ કોમર્સિયલ લેયર







આણંદ સિન્થેટીક વ્હાઈટ લેગહોર્ન

આણંદ બેન્ટામાઈઝડ વ્હાઈટ લેગહોર્ન

# ગ્રામ્ય મરઘાંપાલન માટેની જાતો









રોડ આઈલેન્ડ રેડ








બુક-પોસ્ટ

જાવક નં:

તા.      -      -૨૦

પ્રતિશ્રી, ............................................................

............................................................

............................................................

............................................................


**રવાના :**

**મુખ્ય વૈજ્ઞાનિક અને વડા**

**મરચાં સંશોધન કેન્દ્ર**

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ - ૩૮૮ ૧૧૦**